કલોલ નાં એડીશનલ સીનીયર સીવીલ કોર્ટમાં, મુ.કલોલ જી.ગાંધીનગર

**રે.દી.મુ.નં. ૧૯૮/૨૦૨૫**

**–: આંક : ૧૨ ની અરજી લગત હુકમ :–**

**(૧)** અરજી વંચાણે લીધી, વાદીનાં વિ.વ.શ્રીને સાંભળ્યા.વાદી ધ્વારા હાલનો આ દાવો ડેકલેરેશન તથા સંમતિપત્ર રદ કરવા તથા કાયમી તાકીદ મેળવવા માટે કરવામાં આવેલ હોય ,વાદી ધ્વારા આંક : ૫ થી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજી કરેલ હોય જે અનુસંધાને સદર કામનાં પ્રતિવાદીઓને અરજન્ટ શો કોઝ નોટીસ કરતા સદર કામે પ્રતિવાદી નં.૧,૨,૩,૫ તરફે વિ.વ.શ્રી આર.સી.ખાંટ હાજર થયેલ છે અને પ્રતિવાદી નં.૪ ને આર.પી.એડી થી નોટીસની બજવણી કરાતા, વાદી તરફે દસ્તાવેજી પુરાવાલીસ્ટ રજુ રાખી પોસ્ટ ખાતા નો ટ્રેકીગ રીપોર્ટ રજુ રખાયેલ હોય જેમા પ્રતિવાદી નં.૪ ને આર.પી.એડી થી નોટીસ બજી ગયેલ હોવાનું ફલીત થતુ હોય, પ્રતિવાદી નં.૪ તરફે અત્રેનાં કામે કોઈ આજ રોજ હાજર થયેલ નથી. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ અને ૫ તરફે વિ.વ.શ્રી ધ્વારા દાવા અરજી તથા મનાઈ અરજીનો જવાબ આપવા મુદતની માંગણી કરેલ છે જે મંજુર રાખેલ છે.જેથી વાદી ધ્વારા હાલની આ અરજી અપાતા જેમાં પ્રતિવાદી નં.૧ થી ૩ અને ૫ નાં વિ.વ.શ્રી ધ્વારા સમયની જરૂરીયાત હોય ન્યાયનાં હિતમાં સમય આપવા મુજબનો શેરો કરાયેલ છે. જે અન્વયે બીજા સત્રમાં કામ સુનાવણી માટે રાખેલ હોય પ્રતિવાદી નં.૧ થી ૩ અને ૫ નાં વિ.વ.શ્રી પોકાર કરાવતા હાજર રહેલ નથી.

**(૨)** સદર અરજી અન્વયે વાદીનાં વિ.વ.શ્રી ધ્વારા ભારપૂર્વક રજુઆત કરેલ છે કે વાદી અને પ્રતિવાદીઓ ભાગીદારી પેઢીનાં ભાગીદાર રહેલ હોય અને ભુતકાળમાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ વાદીની સંમતિ વગર સંમતિપત્ર બનાવી તે આધારે ભાગીદારી પેઢીની મીલકતોનું વેચાણ કરેલ હોય અને તેથી વાદી ધ્વારા જે તે સમયે પોલીસ ફરીયાદ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સુધી લીટીગેશન થયેલા હોય અને ત્યારબાદ પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોય અને આ સમાધાન સદર કામે નીશાની ૩/૫ થી રજુ હોય, જેમાં પેરા –૨ માં વર્ણવ્યા મુજબની ભાગીદારી પેઢીની મીલકત બાકી રહેતી હોય અને હાલમાં જે મીલકત ભાગીદારી પેઢીની બાકી રહેલ છે તે મીલકતો નીશાની–૩/૧ થી રજુ સંમતીપત્ર આધારીત પ્રતીવાદીઓ વેચાણ કરી નાખે તેવી ભીતી હોય અને જો આમ થાય તો વાદીને ફરીથી મસ્ટીપલ ઓફ પ્રોસીડીગ્સમાં ઉતરવું પડે જેથી પ્રતિવાદીઓ દાવા જવાબ રજુ કરે ત્યાં સુધી ભાગીદારી પેઢીની દાવાઅરજીનાં પેરા–૧(એ) માં જણાવ્યા મુજબની મીલકતની યથાવત પરિસ્થિતી જાળવી રાખે તેવો હુકમ કરી આપવા અરજ કરેલ છે.

**(૩)** પ્રતિવાદી નં.૧ થી ૩ અને ૫ નાં વિ.વ.શ્રી પોકાર કરાવતા હાજર રહેલ નથી.સદર કામનું રેકર્ડ વંચાણે લેતાં તથા વાદી તરફે જે રજુઆત કરાયેલ છે તે ધ્યાને લેતા ,સદર કામે પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ તા.૧૦/૨/૨૦૨૦ નાં રોજ એક સંમતિપત્રક બનાવેલ હોવાનું ફલીત થાય છે અને સદરહું સંમતિપત્રકનાં આધારે ભાગીદારી પેઢીની મીલકતનું વેચાણ કરતા વાદી ધ્વારા પ્રતિવાદી નં.૧ થી ૩ વિરુધ્ધ પોલીસ ફરીયાદ પણ કરાયેલ હોય અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પણ વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે લીટીગેશન થયેલ

હોવાનું ફલીત થતુ હોય અને ત્યારબાદ વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે સમાધાન અને ભાગીદારી પેઢીનો વહેચણી લેખ જે સદર કામે નીશાની–૩/૫ થી રજુ છે, જે થયેલ હોવાનું ફલીત થતુ હોય ત્યારે વાદી ધ્વારા હાલની આ જે અરજી કરાયેલ છે તેમાં દર્શાવવામાં આવેલ હકીકત મુજબ જો ખરેખર પ્રતિવાદીઓ ભાગીદારી પેઢીની મીલકતનો સંમતિપત્રક આધારે દુરપયોગ કરી અન્ય કોઈને વેચાણ આપે તો વાદીને તે આધારીત અન્ય પ્રોસીડીગ્સમાં જવું પડે, જયારે ભાગીદારી પેઢીની મીલકત હાલ જે સ્થિતીમાં છે તે સ્થિતીમાં રાખવા હુકમ કરવામાં આવે તો પ્રતીવાદીઓને કોઈ નુકસાન કે તેમનાં હકકો ઉપર કોઈ તરાપ પડતી નથી, ઉલટ ન્યાયનો ઉચ્ચત્તમ સિંધ્ધાત જળવાઈ રહે તેમ છે. જેથી તમામ હકીકતો ધ્યાને લઈ ન્યાયનાં વિશાળ હિતમાં હાલની આ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ :–**

- હાલની આ અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.
- હાલનાં દાવાનાં કામે તિરૂપતિ એમ્પાયર એન્ટરપ્રાઈઝનાં નામથી ચાલતી ભાગીદારી પેઢીની રહેલ રિઝર્વ રાખેલ મીલકત ગ્રાઉન્ડ ફલોર દુકાન નં.૩૦,૩૧,૫૧,૫૨ તથા ફર્સ્ટ ફલોર દુકાન નં. ૧૧૫,૧૧૬ તથા થર્ડ ફલોર દુકાન નં.૩૩૨ થી ૩૩૫ તથા ફોર્થ ફલોર દુકાન નં. ૪૩૨ થી ૪૩૫ ની મીલકતો અંગે આગામી મુદત સુધી પ્રતિવાદીઓએ યથાવત પરિસ્થિતી જાળવી રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૧, ઓકટોબર, સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૧૦/૨૦૨૫
સ્થળ : કલોલ

એ.એચ.હીરાની
એડીશનલ સીનીયર સીવીલ જજ
મું. કલોલ જીજે ૦૧૧૮૪

કલોલ નાં એડીશનલ સીનીયર સીવીલ કોર્ટમાં, મુ.કલોલ જી.ગાંધીનગર

**રે.દી.મુ.નં. ૨૩૧/૨૦૧૧**

**–: આંક : ૯૨ ની અરજી લગત હુકમ :–**

અરજી વંચાણે લીધી, વાદીનાં વિ.વ.શ્રીને સાંભળ્યા. સુચીત પક્ષકાર તરીકે અરજી આપનાર પોકાર કરતા હાજર નથી. વાદીનાં વિ.વ.શ્રી ધ્વારા સદરહુ પક્ષકાર તરીકે જોડવા સામે વાંધો ન હોય તેવો શેરો કરેલ છે. અન્ય પ્રતિવાદીનાં વિ.વ.શ્રીઓનો પોકાર કરતા તેઓ હાજર નથી ત્યારે અરજીમાં જણાવેલ હકીકતો ધ્યાને લેતા સદરહુ ત્રાહીત પક્ષકારોને પોતાનો પક્ષ રાખવા અને ધોરણસરની કાર્યવાહી કરવા તક મળી રહે તે ધ્યાને લઈ અને વાદી ધ્વારા સદરહું પક્ષકારને દાવાનાં કામે જોડવા સામે વાંધો ન હોય અને અન્ય પ્રતિવાદીઓ પણ પોકાર કરતા હાજર રહેલ ન હોય અને સદર અરજી હાલનાં કામે સને ૨૦૧૩ થી સાંભળવા ઉપર મુલતવી રહેલ હોય ત્યારે સદર અરજી સુચીત પક્ષકાર જે રીતનું પ્લીડીંગ્સ લઈને અરજી લાવેલ છે તે ધ્યાને લેતાં સદરહું પક્ષકારને વાદી દરજજે નહી પરંતુ દાવાનાં પક્ષકાર તરીકે પ્રતિવાદી દરજજે દાખલ કરવા વ્યાજબી અને યોગ્ય જણાતુ હોય, જેથી હાલની આ અરજી અંશતઃ મંજુર કરી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ :–**

- હાલની આ અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.
- સુચિત પક્ષકાર મનમોહન ઈન્દ્રસિંહ બારોટ ને સદર દાવાનાં કામે પ્રતિવાદી નંબર : ૬ તરીકે જોડવા હુકમ કરવામાં આવે છે.
- વાદીએ નિયત સમયમર્યાદામાં દાવા અરજીમાં સુધારો કરી સુધારેલ દાવા અરજી રજુ કરવી.

હુકમ આજ રોજ તારીખ ૧૮, સપ્ટેમ્બર, સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૮/૦૯/૨૦૨૫
સ્થળ : કલોલ

એ.એચ.હીરાની
એડીશનલ સીનીયર સીવીલ જજ
મું. કલોલ જીજે ૦૧૧૮૪